ક્રમાંક/FRC/૨૦૨૨/૬૩૨૭-૨૮
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
અનાવિલ ભવનની સામે,
કારેલીબાગ, વડોદરા.
તા..૬../..૭../૨૦૨૨

# ફી નિયમન સમિતિ – વડોદરા વિભાગ, વડોદરા.

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,અનાવિલ ભવનની સામે, કારેલીબાગ,વડોદરા.
**Ph.0265-2488487 E.mail add:- frcvadodara@gmail.com**

U-Dise-24191 205402

વડોદરા રીવીઝન અરજી નં.૨૭/૨૦૨૨-૨૩ રીવ્યુ અરજી નં.૪૫/૨૦૨૧-૨૨ દરખાસ્ત નં.VD-૨૬/૨૦૨૧-૨૨.

E-mail : principal.baroda@podar.org

તા.૦૫-૦૭-૨૦૨૨.

અરજદાર શાળા :- પોદાર ઇન્ટરનેશનલ સ્કૂલ (CBSE)(અંગ્રેજી માધ્યમ), રેવન્યુ સર્વે નં.૨૬, સીકન્દરપુરા, આજવા રોડ, તા.વાઘોડીયા, જી.વડોદરા-૩૯૦૦૧૯....

વિષય :- સને-૨૦૨૧-૨૨ થી સને-૨૦૨૩-૨૪ પ્રિ.પ્રાયમરી, પ્રાયમરી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક, જનરલની ફી વધારા માટેની દરખાસ્ત.

અનુસંધાન :-

(૧) ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, સને-૨૦૧૭.
(૨) ગુજરાત સ્વનિર્ભર શાળા (રેગ્યુલેશન ઓફ ફીઝ) નિયમો, ૨૦૧૭.
(૩) નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઇન્ડીયામાં દાખલ થયેલ સ્પે.લીવ ટુ અપીલ (સી) નં.૩૧૪/૨૦૧૮ ના હુકમો.
(૪) રીવીઝન કમીટી ગાંધીનગરનાં રીવીઝન અરજી નં.૨૭/૨૦૨૨-૨૩ તા.૨૫-૦૫-૨૦૨૨ નો હુકમ.
(૫) અરજદાર શાળાનો તા.૦૨-૦૭-૨૦૨૨ નો પત્ર.

## -:: રીવીઝન અરજીના હુકમ બાદ આખરી હુકમ ::-

(૧) અરજદાર શાળાએ ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, સને ૨૦૧૭ અને તે અંતર્ગત ગુજરાત સ્વનિભર શાળા ફી નિયમન (નિયમો) સને-૨૦૧૭ ના નિયમ-૬ અન્વયે ફી નિયમન સમિતિ, વડોદરા સમક્ષ પોતાની દરખાસ્ત રજુ કરી છે. જે દરખાસ્ત તેઓએ સને ૨૦૨૧-૨૨ થી સને ૨૦૨૩-૨૪ ના ૩ વર્ષની ફી નક્કી કરવા માટે જણાવવામાં આવ્યું છે. જેમાં અરજદાર શાળા ધ્વારા નીચે પ્રમાણેની સૂચિત ફીની માગણી કરવામાં આવી છે. :-

| અ. નં. | ધોરણ | માધ્યમ | બોર્ડ | અરજદાર શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા. | અરજદાર શાળાની સૂચિત ફીની માગણી |
|---|---|---|---|---|---|
| | | | | સને ૨૦૧૯-૨૦. | સને ૨૦૨૦-૨૧. |
| (૧) | નર્સરી | અંગ્રેજી | C.B.S.E. | ૩૩ | રૂા.૪૨,૫૪૦/- |
| (૨) | જુ.કે.જી. | અંગ્રેજી | C.B.S.E. | ૮૨ | રૂા.૪૫,૯૬૦/- |
| (૩) | સી.કે.જી. | અંગ્રેજી | C.B.S.E. | ૮૯ | રૂા.૪૫,૯૬૦/- |
| (૪) | ૧. | અંગ્રેજી | C.B.S.E. | ૧૬૦ | રૂા.૫૧,૦૦૦/- |
| (૫) | ૨. | અંગ્રેજી | C.B.S.E. | ૧૫૫ | રૂા.૫૧,૦૦૦/- |
| (૬) | ૩. | અંગ્રેજી | C.B.S.E. | ૧૩૫ | રૂા.૫૧,૦૦૦/- |
| (૭) | ૪. | અંગ્રેજી | C.B.S.E. | ૯૧ | રૂા.૫૧,૦૦૦/- |
| (૮) | ૫. | અંગ્રેજી | C.B.S.E. | ૯૪ | રૂા.૫૫,૯૮૦/- |
| (૯) | ૬. | અંગ્રેજી | C.B.S.E. | ૮૮ | રૂા.૫૫,૯૮૦/- |
| (૧૦) | ૭. | અંગ્રેજી | C.B.S.E. | ૫૨ | રૂા.૫૫,૯૮૦/- |
| (૧૧) | ૮. | અંગ્રેજી | C.B.S.E. | ૪૮ | રૂા.૫૫,૯૮૦/- |
| (૧૨) | ૯. | અંગ્રેજી | C.B.S.E. | ૪૭ | રૂા.૫૫,૯૮૦/- |
| (૧૩) | ૧૦. | અંગ્રેજી | C.B.S.E. | ૩૭ | રૂા.૫૫,૯૮૦/- |

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧૪) | ૧૧ | અંગ્રેજી | C.B.S.E. | ૦૦ | રૂા.૬૧,૬૨૦/- |
| (૧૫) | ૧૨ | અંગ્રેજી | C.B.S.E. | ૦૦ | રૂા.૬૧,૬૨૦/- |
| | | | કુલ વિદ્યાર્થી... | ૧૧૧૧ | |

(૨) અરજદાર શાળાએ સને ૨૦૨૧-૨૨ થી સને ૨૦૨૩-૨૪ ના વર્ષની ફી નિર્ધારણ માટે દરખાસ્ત નં.૨૬/૨૦૨૦-૨૧ દાખલ કરવામાં આવી હતી. જે કામે ફી નિયમન સમિતિ ધ્વારા તારીખ. ૧૬-૦૨-૨૦૨૨ ના રોજ વચગાળાનો હુકમ કરવામાં આવ્યો હતો. સદર હુકમમાં દર્શાવ્યા પ્રમાણે શાળા વચગાળાના હુકમથી નારાજ હોય તો તેઓએ દિન-૭ માં ફી નિયમન સમિતિ, વડોદરા સમક્ષ કારણો સહીતની રીવ્યુ અરજી કરવાની રહેશે. જો અરજદાર શાળા વચગાળાના હુકમ વિરૂધ્ધ નિયત સમય મર્યાદામાં રીવ્યુ અરજી કરવામાં નિષ્ફળ જાય ત્યારે વચગાળાનો હુકમ આખરી અને નિર્ણાયક ગણવામાં આવશે તેવું ઠરાવવામાં આવ્યું હતું.

(૩) અરજદાર શાળાએ વચગાળાના હુકમ વિરૂધ્ધ તા.૨૪-૦૨-૨૦૨૨ ના રોજ રીવ્યુ અરજીમાં જણાવેલ કારણોસર રીવ્યુ અરજી આપી હતી. જેને રીવ્યુ અરજી નં.૪૫/૨૦૨૧-૨૨ તરીકે દાખલ કરવામાં આવી હતી.

(૪) અરજદાર શાળાની રીવ્યુ અરજીના કામે ફી નિયમન સમિતિએ અરજદાર શાળાને સાંભળી તા.૧૯-૦૪-૨૦૨૧ ના રોજ નીચે મુજબનો આખરી હુકમ શરતોને આધિન કરવામાં આવ્યો હતો.

| અ. નં. | ધોરણ | માધ્યમ | વિદ્યાર્થીની સંખ્યા | સૂચિત ફીની માગણી | ફી નિયમન સમિતિ ધ્વારા નક્કી કરેલ ફાઇનલ ફી. |
|---|---|---|---|---|---|
| | | | સને ૨૦૧૯-૨૦. | સને ૨૦૨૧-૨૨. | સને ૨૦૨૧-૨૨. |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| (૧) | નર્સરી | અંગ્રેજી | ૩૩ | રૂા.૪૨,૫૪૦/- | રૂા.૪૬,૭૫૦/- |
| (૨) | જુ.કે.જી. | અંગ્રેજી | ૮૨ | રૂા.૪૫,૯૬૦/- | રૂા.૪૬,૭૫૦/- |
| (૩) | સી.કે.જી. | અંગ્રેજી | ૮૯ | રૂા.૪૫,૯૬૦/- | રૂા.૪૬,૭૫૦/- |
| (૪) | ૧. | અંગ્રેજી | ૧૬૦ | રૂા.૫૧,૦૦૦/- | રૂા.૪૬,૭૫૦/- |
| (૫) | ૨. | અંગ્રેજી | ૧૫૫ | રૂા.૫૧,૦૦૦/- | રૂા.૪૬,૭૫૦/- |
| (૬) | ૩. | અંગ્રેજી | ૧૩૫ | રૂા.૫૧,૦૦૦/- | રૂા.૪૬,૭૫૦/- |
| (૭) | ૪. | અંગ્રેજી | ૯૧ | રૂા.૫૧,૦૦૦/- | રૂા.૪૬,૭૫૦/- |
| (૮) | ૫. | અંગ્રેજી | ૯૪ | રૂા.૫૫,૯૮૦/- | રૂા.૪૬,૭૫૦/- |
| (૯) | ૬. | અંગ્રેજી | ૮૮ | રૂા.૫૫,૯૮૦/- | રૂા.૪૮,૭૫૦/- |
| (૧૦) | ૭. | અંગ્રેજી | ૫૨ | રૂા.૫૫,૯૮૦/- | રૂા.૪૮,૭૫૦/- |
| (૧૧) | ૮. | અંગ્રેજી | ૪૮ | રૂા.૫૫,૯૮૦/- | રૂા.૪૮,૭૫૦/- |
| (૧૨) | ૯. | અંગ્રેજી | ૪૭ | રૂા.૫૫,૯૮૦/- | રૂા.૪૮,૭૫૦/- |
| (૧૩) | ૧૦. | અંગ્રેજી | ૩૭ | રૂા.૫૫,૯૮૦/- | રૂા.૪૮,૭૫૦/- |
| (૧૪) | ૧૧ | અંગ્રેજી | ૦૦ | રૂા.૬૧,૬૨૦/- | રૂા.૫૦,૦૦૦/- |
| (૧૫) | ૧૨ | અંગ્રેજી | ૦૦ | રૂા.૬૧,૬૨૦/- | રૂા.૫૦,૦૦૦/- |

(૫) અરજદાર શાળાએ ફી નિયમન સમિતિનાં તા.૧૯-૦૪-૨૦૨૨ ના હુકમ વિરૂધ્ધ ફી રીવીઝન કમીટી ગાંધીનગર સમક્ષ રીવીઝન અરજી નં.૨૭/૨૦૨૨-૨૩ દાખલ કરી હતી. જે રીવીઝન અરજીના કામે અરજદાર શાળાને સાંભળી તા.૨૫-૦૫-૨૦૨૨ ના રોજ રીવીઝન અરજી મંજૂર

કરી અરજદાર શાળાને જરૂરી પુરતી તક આપી સાંભળી નવેસરથી હુકમ કરવાનો હુકમ કર્યો હતો.

(૬) અરજદાર શાળાની રીવીઝન અરજીના કામે હુકમ થયા બાદ સુનાવણી માટે નોટીસ કાઢી તા.૦૨-૦૭-૨૦૨૨ ના રોજ સુનાવણીમાં હાજર રહેવા જણાવવામાં આવ્યુ હતુ. અરજદાર શાળા તરફે શાળાના અધિકૃત પ્રતિનિધી તેમના ચાર્ટડ એકાઉન્ટન્ટ દ્વારા હાજર થયેલા છે અને તેઓ તરફે સુનાવણી દરમ્યાન રજૂઆત કરેલ છે. કે, અરજદાર શાળાનો ભાડાનો કરાર ફેઝ ૨ અને ૩ નો રજૂ કર્યો હતો ફેઝ ૧ નો કરાર મળીઆવ્યો ન હતો જે કરાર તા.૦૧-૧૨-૨૦૧૩ નો છે. અને રજીસ્ટર્ડ ભાડા કરાર છે ભાડુ ત્રાહીત વ્યક્તિ ચૂકવવામાં આવે છે જે અંગેના પુરાવા રજૂ કરેલ છે. જેથી નામંજૂર કરેલ ભાડાની રકમ મજરે આપવી જોઇએ. આ સિવાય અન્ય કોઇ રજૂઆત શાળા તરફથી કરવામાં આવી નથી.

(૭) અરજદાર શાળા તરફથી એવી રજૂઆત કરવાઅમાં આવી છે. સને ૨૦૨૧-૨૨ ના વર્ષમાં પ્રિ.પ્રાયમરીમાં રૂ.૪૫,૯૬૦/- પ્રાયમરી (૧ થી ૪) માં રૂ.૫૧,૦૦૦/- અપર પ્રાયમરી (ધોરણ ૫ થી ૮) તથા સેકન્ડરી ધોરણ ૯ અને ૧૦ માં રૂ.૫૫,૯૮૦/- અને હાયર સેકન્ડરીમાં રૂ.૬૧,૬૨૦/- ની ફી લેવામાં આવે છે. અને તે પ્રમાણે ફી મંજૂર કરવામાં આવે તો વાંધો નથી.

(૮) અરજદાર શાળાએ સને ૨૦૨૦-૨૧ થી સને ૨૦૨૨-૨૩ ના વર્ષ માટેની દરખાસ્ત દાખલ કરી હતી. જે દરખાસ્ત નં.૭૨/૨૦૨૦-૨૧ થી તા.૦૫-૦૩-૨૦૨૧ ના રોજ હુકમ કરવામાં આવ્યો હતો. જેમાં ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક-બમશ/૧૨૨૦/૫૩/એફ.આર.સી.સેલ, તા.૦૭-૧૦-૨૦૨૦ ના કોવિડ-૧૯ ની પરિસ્થિતિમાં સ્વ-નિર્ભર શાળાઓએ વસુલવાની થતી ફી બાબતના પરિપત્રને ધ્યાને લઇને સને ૨૦૧૯-૨૦ ના વર્ષમાં જે ફી નક્કી કરવામાં આવી હતી તે ફીના ૭૫ ટકા રકમ સને ૨૦૨૦-૨૧ ના વર્ષમાં ફી તરીકે લેવાની હતી અને તે અન્વયે હુકમ કરવામાં આવ્યો હતો.

(૯) સમગ્ર દેશમાં તાજેતરમાં ઉપસ્થિત થયેલ કોવિડ-૧૯ ની મહામારીના કારણે તા.૧૬-૦૩-૨૦૨૦ થી રાજ્યની તમામ શાળાઓ (સરકારી, ગ્રાન્ટ-ઇન-એઇડ, સ્વ-નિર્ભર) બંધ રાખવાની જાહેરાત કરવામાં આવેલ છે. કેન્દ્ર સરકાર ધ્વારા સમયાંતરે લોક-ડાઉનની જાહેરાતો કરવામાં આવેલી હતી તે સંજોગોમાં શાળાઓ બંધ રાખવામાં આવી હતી અને હાલની પરિસ્થિતિમાં પણ કેન્દ્ર સરકારના આ અંગેના નિર્દેશો મુજબ શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવાના આદેશો કરવામાં આવેલ છે અને આ પરિસ્થિતિ ધ્યાને લઇને અરજદાર શાળાના સને ૨૦૧૯-૨૦ ના ઓડીટ થયેલા હિસાબો અને તે વર્ષના વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે સને ૨૦૨૧-૨૨ થી સને ૨૦૨૩-૨૪ ના ૩ વર્ષ માટેની વચગાળાની ફી, ફી નિયમન સમિતિએ નક્કી કરવાનું ઠરાવેલ છે. કારણ કે, સને ૨૦૨૦-૨૧ ના વર્ષ માટે શાળાએ સને ૨૦૧૯-૨૦ ની ફીના ૭૫ ટકા રકમ જ ફી તરીકે લેવાનું ઠરાવેલ હતું. શાળા પુરેપુરા સમય ચાલી નથી. વિદ્યાર્થીઓની ફી ઓછી આવેલી છે તે જ પ્રમાણે શાળાને પણ ખર્ચનું પ્રમાણ ઓછું થયેલ છે તેથી સને ૨૦૧૯-૨૦ ના વર્ષના ઓડીટ આધારે ફી

ફી નિયમન સમિતિ ઝોન, વડોદરા

નક્કી કરવાનું ઠરાવવું ન્યાયી, વ્યાજબી અને શાળા સંચાલક અને વિદ્યાર્થીઓના વાલીઓને નુકશાન ન થાય તે હેતુથી સને ૨૦૧૯-૨૦ નું વર્ષ નક્કી કરવામાં આવ્યું છે.

(૧૦) અરજદાર શાળા ધ્વારા સને ૨૦૧૯-૨૦ ના વર્ષના ઓડીટ થયેલા હિસાબો રજુ કરવામાં આવેલા છે અને તેમાં દર્શાવેલી આવક અને જાવકના હિસાબો ફી નિયમન સમિતિ ધ્વારા ધ્યાને લઇને તે વર્ષના વિદ્યાર્થીઓની સંખ્યાના હિસાબે ફી નક્કી કરવાનું ઠરાવવામાં આવેલ છે.

| અ.નં. | ફીની વિગત | રકમ |
|---|---|---|
| ૧ | ટ્યુશન ફી | રૂા.૫,૪૪,૧૮,૮૮૭/- |
| ૨ | અન્ય આવક | રૂા.૧,૪૮,૯૯૮/- |
| | કુલ આવક... | રૂા.૫,૪૫,૬૭,૮૮૫/- |

(૧૧) અરજદાર શાળા તરફથી દર્શાવવામાં આવેલી આવકની વિગતો ચકાસતાં એડમીશન ફી તથા ટર્મ ફીનો સમાવેશ ગુજરાત સ્વ-નિર્ભર શાળાઓ ફી નિયમન અધિનિયમ, સને-૨૦૧૭ ની કલમ-૨ (જી) માં નક્કી કરવામાં આવેલી છે અને તેમાં એડમીશન ફી અને ટર્મ તેમજ અન્ય ફીનો સમાવેશ એક જ ફીના મથાળા હેઠળ કરવામાં આવે છે. અરજદાર શાળાના સને ૨૦૧૯-૨૦ ના વિદ્યાર્થીઓની સંખ્યા ૧૧૧૧ થાય છે. એવરેજ ફી શાળાએ રૂા.૪૯,૧૧૬/- પ્રમાણે લીધી છે. જયારે એફ.આર.સી. ધ્વારા પાછલા વર્ષમાં રૂા.૩૩,૬૨૬/- નક્કી કરવામાં આવેલી હતી. તેના બદલે અરજદાર શાળાએ રૂા.૧૫,૪૯૦/- ની વધુ આવક મેળવી છે. આમ કરીને અરજદાર શાળાએ રૂા.૧,૭૨,૦૯,૩૯૦/- ની વધુ આવક મેળવી છે. નામદાર સુપ્રિમ કોર્ટના સ્પેશીયલ લીવ પીટીશન નં.૩૧૪/૨૦૧૮ ના હુકમમાં ઠરાવ્યા મુજબ વૈકલ્પિક પ્રવૃતિ વિદ્યાર્થીએ સ્વીકારી હોય તો જ વિદ્યાર્થી પાસેથી વૈકલ્પિક પ્રવૃત્તિની ફી અલગથી લેવા હક્કદાર બને છે અને તે સિવાયની અન્ય કોઇ ફી વિદ્યાર્થી પાસેથી અલગ રીતના વસુલ કરવા હક્કદાર બનતા નથી.

(૧૨) અરજદાર શાળાની રીવ્યુ અરજીમાં કરેલી રજૂઆતો ધ્યાને લઇ ફી નિયમન સમિતિએ શાળાના ઓડીટ રીપોર્ટમાં દર્શાવેલ ખર્ચાઓ પૈકી કોમ્પ્યુટર રીપેર રૂ.૩,૬૯,૯૧૧/- મેનેજમેન્ટ ફી રૂ.૩૩,૦૯,૬૩૬/- રીપેર અને મેન્ટેનન્સ (જનરલ) રૂ.૭,૯૭,૭૭૭/- ભાડા ખર્ચ રૂ.૯૭,૧૯,૫૨૪/- ઘસારા ખર્ચ રૂ.૨૧,૬૦,૧૧૫/- મળી કુલ રકમ રૂ.૧,૬૩,૫૬,૯૬૩/- ની રકમો નામંજૂર કરવામાં આવી હતી. અરજદાર શાળાના ઓડીટ રીપોર્ટ પ્રમાણે ઉપરોક્ત ખર્ચા નામંજૂર કર્યા બાદ વિદ્યાર્થી દીઠનો સરેરાશ ખર્ચો રૂ.૪૬,૫૯૨/- થતો હતો ૭ ટકા ડેવલપમેન્ટ ખર્ચની રકમ રૂ.૩,૨૬૧/- મળી કુલ રૂ.૪૯,૮૫૩/- થતો હતો અને તેથી વિદ્યાર્થી દીઠની ફી રૂ.૫૦,૦૦૦/- મંજૂર કરવામાં આવી હતી.

(૧૩) ફી રીવીઝન કમીટીનાં રીવીઝન અરજી નં. ૨૭/૨૦૨૨-૨૩ નાં તા.૨૫-૦૫-૨૦૨૨ ના હુકમમાં ફી નિયમન સમિતિએ રીવ્યુ અરજીમાં જે ખર્ચાઓ નામંજૂર કરેલ છે. તે અંગે મંજૂર કરવાઅના અને નામંજૂર કરવાના કારણો આપવાના રહેશે. રીવીઝન કમીટીએ તેઓના હુકમમાં ગુણદોશમાં ઉતરીયાવીના નવેસરથી સાંભળી વિગતવાર કારણો સહીતનો હુકમ કરવાનો રહેશે. વધુમાં રીવીઝન કમીટીએ ઘસારા અંગેનો નામંજૂર કરવાનો હુકમ યથાવત રાખેલ છે. વધુમાં ફી રીવીઝન કમીટીએ અરજદાર શાળાનો ફેઝ ૧ નો ભાડાનો કરાર રેકર્ડ ઉપર રજૂ કરેલ ન હતો તેથી તે કરાર ધ્યાને લઇ ભાડાની ગણતરી કરવી.

(૧૪) અરજદાર શાળાની રીવીઝન અરજીમાં કરેલા હુકમ બાદ અરજદાર શાળાને નવેસરથી સાંભળી તેમની રજૂઆત ધ્યાને લેવામાં આવી અરજદાર શાળાએ ફેઝ ૧ નો કરાર રજૂ કરેલ છે. રીવ્યુ

અરજીના સમયે આ કરાર રજૂ કરવામાં આવ્યો ન હતો આ કરાર તા.૦૧/૧૨/૨૦૧૩ નો રજીસ્ટર્ડ ભાડા ચીઠ્ઠીનો કરાર છે. તેઓના ઓડીટ રીપોર્ટમાં દર્શાવેલ ભાડાની રકમ પૈકી રૂ.૯૭,૧૯,૫૨૪/- નો ખર્ચ નામંજૂર કરેલ હતો તે અંગેનો ખર્ચ ગ્રાહ્ય રાખવામાં આવે છે. આ સિવાય અરજદાર શાળાની અન્ય ખર્ચાઓ નામંજૂર કરવાની કોઇ રજૂઆત નથી. વધુમાં ફી નિયમન સમિતિએ અરજદાર શાળાનો ઘસારા અંગેનો ખર્ચ જે નામંજૂર કરેલો હતો તે હુકમને રીવીઝન અરજીમાં ગ્રાહ્ય રાખવામાં આવેલ છે. અને તેથી ઘસારા ખર્ચ હિસાબમાં મજરે મળી શકે નહી.

(૧૫) અરજદાર શાળાનાં અધિકૃત અધિકારી તરફથી પત્ર લખી જણાવવામાં આવે છે. કે, પ્રિ.પ્રાયમરી વિભાગમાં રૂ.૪૫,૯૬૦/- પ્રાયમરી (ધોરણ ૧ થી ૪) વિભાગમાં રૂ.૫૧,૦૦૦/- પ્રાયમરી (ધોરણ ૫ થી ૮) વિભાગમાં રૂ.૫૫,૯૮૦/- સેકન્ડરી વિભાગમાં રૂ.૫૫,૯૮૦/- તેમજ હાયર સેકન્ડરી જનરલ વિભાગમાં રૂ.૬૧,૬૨૦/- ની ફી મંજૂર કરવામાં આવેતો વાંધો નથી. અરજદાર શાળાની સને ૨૦૨૧-૨૨ થી સને ૨૦૨૩-૨૪ ના વર્ષ માટી રીવાઇઝ ફીની સૂચિત માંગણી મુજબની ફી ગ્રાહ્ય થાય છે. અને તેથી પણ ખર્ચા નામંજૂર કરેલ છે. તે ધ્યાને રાખતા તેમની માંગણી મુજબની ફી શાળાને મળી રહે છે. અરજદાર શાળાની રજૂઆત ધ્યાને રાખતા તેમજ રીવીઝન અરજીમાં કરેલા હુકમને વંચાણે લેતા અરજદાર શાળાની સૂચિત માંગણી વ્યાજબી અને ન્યાયી હોવાનુ ફી નિયમન સમિતિને લાગતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

//હુકમ//

| અ. નં. | ધોરણ | માધ્યમ | વિદ્યાર્થીની સંખ્યા | સૂચિત ફીની માગણી | ફી નિયમન સમિતિ ધ્વારા નક્કી કરેલ ફાઇનલ ફી. | ફી નિયમન સમિતિ ધ્વારા રીમાન્ડ બાદ નક્કી કરેલ ફાઇનલ ફી. |
|---|---|---|---|---|---|---|
| | | | સને ૨૦૧૯-૨૦. | સને ૨૦૨૧-૨૨. | સને ૨૦૨૧-૨૨. | સને ૨૦૨૧-૨૨. |
| (૧) | નર્સરી | અંગ્રેજી | ૩૩ | રૂા.૪૨,૫૪૦/- | રૂા.૪૬,૭૫૦/- | રૂા.૪૨,૫૪૦/- |
| (૨) | જુ.કે.જી. | અંગ્રેજી | ૮૨ | રૂા.૪૫,૯૬૦/- | રૂા.૪૬,૭૫૦/- | રૂા.૪૫,૯૬૦/- |
| (૩) | સી.કે.જી. | અંગ્રેજી | ૮૯ | રૂા.૪૫,૯૬૦/- | રૂા.૪૬,૭૫૦/- | રૂા.૪૫,૯૬૦/- |
| (૪) | ૧. | અંગ્રેજી | ૧૬૦ | રૂા.૫૧,૦૦૦/- | રૂા.૪૬,૭૫૦/- | રૂા.૫૧,૦૦૦/- |
| (૫) | ૨. | અંગ્રેજી | ૧૫૫ | રૂા.૫૧,૦૦૦/- | રૂા.૪૬,૭૫૦/- | રૂા.૫૧,૦૦૦/- |
| (૬) | ૩. | અંગ્રેજી | ૧૩૫ | રૂા.૫૧,૦૦૦/- | રૂા.૪૬,૭૫૦/- | રૂા.૫૧,૦૦૦/- |
| (૭) | ૪. | અંગ્રેજી | ૯૧ | રૂા.૫૧,૦૦૦/- | રૂા.૪૬,૭૫૦/- | રૂા.૫૧,૦૦૦/- |
| (૮) | ૫. | અંગ્રેજી | ૯૪ | રૂા.૫૫,૯૮૦/- | રૂા.૪૬,૭૫૦/- | રૂા.૫૫,૯૮૦/- |
| (૯) | ૬. | અંગ્રેજી | ૮૮ | રૂા.૫૫,૯૮૦/- | રૂા.૪૮,૭૫૦/- | રૂા.૫૫,૯૮૦/- |
| (૧૦) | ૭. | અંગ્રેજી | ૫૨ | રૂા.૫૫,૯૮૦/- | રૂા.૪૮,૭૫૦/- | રૂા.૫૫,૯૮૦/- |
| (૧૧) | ૮. | અંગ્રેજી | ૪૮ | રૂા.૫૫,૯૮૦/- | રૂા.૪૮,૭૫૦/- | રૂા.૫૫,૯૮૦/- |
| (૧૨) | ૯. | અંગ્રેજી | ૪૭ | રૂા.૫૫,૯૮૦/- | રૂા.૪૮,૭૫૦/- | રૂા.૫૫,૯૮૦/- |
| (૧૩) | ૧૦. | અંગ્રેજી | ૩૭ | રૂા.૫૫,૯૮૦/- | રૂા.૪૮,૭૫૦/- | રૂા.૫૫,૯૮૦/- |
| (૧૪) | ૧૧ | અંગ્રેજી | ૦૦ | રૂા.૬૧,૬૨૦/- | રૂા.૫૦,૦૦૦/- | રૂા.૬૧,૬૨૦/- |
| (૧૫) | ૧૨ | અંગ્રેજી | ૦૦ | રૂા.૬૧,૬૨૦/- | રૂા.૫૦,૦૦૦/- | રૂા.૬૧,૬૨૦/- |

ફી નિયમન સમિતિ વડોદરા ઝોન, વડોદરા

શરતો :-

૧) સને ૨૦૨૧-૨૨ ની નક્કી કરેલી ફી ગુજરાત સ્વ-નિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, સને-૨૦૧૭ ની કલમ-૨ (જી) અન્વયે નક્કી કરેલી ફી છે.

૨) અરજદાર શાળાએ સને ૨૦૨૧-૨૨ ના વર્ષમાં વૈકલ્પિક ફીની રકમ નક્કી કરવામાં આવેલી ફી કરતાં અલગથી વસુલ કરી શકશે અને તેમાં વિદ્યાર્થી અને તેના વાલીની તે પ્રવૃત્તિ માટે સંમતિ લેવાની રહેશે.

૩) અરજદાર શાળાએ સને ૨૦૨૧-૨૨ ની શૈક્ષણિક ફી માસિક તેમજ ત્રિમાસિક ધોરણે વસુલ કરી શકશે. પરંતુ ફી ભરવામાં થયેલ વિલંબ અંગે શાળા વાલી પાસેથી બેન્ક રેટના દર કરતાં વધુ રકમ પેનલ્ટી તરીકે વસુલ કરી શકશે નહિ.

૪) કોઇ પણ વાલીએ સને ૨૦૨૧-૨૨ ના વર્ષમાં આ હુકમમાં દર્શાવેલ ફી કરતાં વધુ ફી ભરી હશે તો તેઓને શાળાએ મજરે આપવાની રહેશે પરંતુ વિદ્યાર્થી/વાલીએ હુકમ દર્શાવેલ ફી કરતાં ઓછી ફી ભરેલ હોય તો શાળાને બાકી ફીની રકમ વસુલ આપવાની રહેશે.

૫) ફી નિયમન સમિતિ ધ્વારા સને ૨૦૨૧-૨૨ ના વર્ષની નક્કી કરેલી ફીના ૫ ટકા રકમનો વધારો સને ૨૦૨૨-૨૩ તેમજ સને ૨૦૨૨-૨૩ ની ફીના ૫ ટકાનો વધારો સને ૨૦૨૩-૨૪ ના વર્ષમાં લઇ શકશે.

૬) અરજદાર શાળા આ હુકમ મુજબની ફી કરતાં વધુ ફી વસુલ કરી શકશે નહિ. કોઇ સંજોગોમાં હુકમમાં ફેરફાર થાય અથવા ફી રીવીઝન કમિટીના હુકમમાં ફેરફાર થાય ત્યારે જે હુકમ જે તારીખે થયો હોય તેના બીજા ક્વાટરમાં હુકમ મુજબ ફીમાં ફેરફાર કરવાનો રહેશે. તે સિવાય ફી નિયમન સમિતિએ કરેલા હુકમ મુજબની જ ફી શાળાએ વિદ્યાર્થી પાસેથી વસુલ કરવાની રહેશે અને આ હુકમનો અનાદર કરવામાં આવશે ત્યારે શાળા વિરૂધ્ધ ફી નિયમન અધિનિયમની જોગવાઇઓ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

૭) અરજદાર શાળાએ સને ૨૦૨૧-૨૨ ની ફી નિયમન સમિતિ, વડોદરા ધ્વારા નક્કી કરવામાં આવેલી ફી શાળાના નોટીસ બોર્ડ ઉપર તેમજ શાળાની વેબસાઇટ ઉપર અંગ્રેજી તેમજ ગુજરાતીમાં પ્રસિધ્ધ કરવાની રહેશે.

આજ તા.૦૫ માહે જુલાઇ સને ૨૦૨૨.
સ્થળ :- વડોદરા.
ફી નિયમન સમિતિ વડોદરા વિભાગ,વડોદરાના તા.૦૫/૦૭/૨૦૨૨ ના આદેશાનુંસાર

(મુખ્ય સંયોજક)
ફી નિયમન સમિતિ
વડોદરા વિભાગ,વડોદરા.

પ્રતિ, આચાર્ય/સંચાલકશ્રી, પોદાર ઇન્ટરનેશનલ સ્કૂલ (CBSE)(અંગ્રેજી માધ્યમ), રેવન્યુ સર્વે નં.૨૬, સીકન્દરપુરા, આજવા રોડ, તા.વાઘોડીયા, જી.વડોદરા-૩૯૦૦૧૯....

નકલ રવાના:- મુખ્ય સંયોજકશ્રી, જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી, વડોદરા તરફ જાણ તથા અમલ થવા સારૂ.